

(તસવીર : કશ્યપ નિમાવત)

લીંકબ્રિજની કામગીરી - મહાત્મા મંદિર અને સોલ્ટ માઉન્ટેનને જોડતો લીંકબ્રિજ બની રહ્યો છે... તડામાર કામગીરી ચાલી રહી છે... જેના પગલે ખ-માર્ગ અવર-જવર માટે બંધ કરાયો છે... ગાંધીનગરનું એક વિશિષ્ટ નજરાણું બની રહેલ મહાત્મા મંદિર, સોલ્ટ માઉન્ટ અને દાંડી કુટિરની કામગીરી હવે આખરી તબક્કામાં છે...

# નાગરિક બેંકની ચુંટણીમાં પાવર પેનલનો ઉદય

**ચુંટણી પ્રક્રીયા નિયમો વિરૂધ્ધ : ઉમેદવારોનો આક્રોશ : પરિવર્તન પેનલે ચુંટણી અધિકારીનો દુરઉપયોગ કર્યો છે : નાગરિકની નહીં પરંતુ નાગરિકોની બેંક બનાવીશુ**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર નાગરિક બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણી આગામી તા ૧૨ જુલાઈના રોજ યોજવામાં આવનાર છે. ત્યારે શરૂઆતથી જ બેંકની ચુંટણી પ્રક્રીયા વિવાદાસ્પદ બનતા ચુંટણી અધિકારીના રોલ સામે પણ અનેક પ્રશ્નો મંડરાયા છે. આવા સંજોગોમાં બેંકની સત્તાના સમીકરણો બદલવાના હોંસલા સાથે નવી પાવર પેનલનો ઉદય થયો છે. બેંકના વર્તમાન ડીરેકટરોની વિવાદાસ્પદ નિતિને ડામવા સભાસદોના હિતને ધ્યાને લઈ આ પેનલ ચુંટણી મેદાને ઉતરી હોવાનો વિચાર પણ આજે પેનલ ઉમેદવારોએ વ્યકત કર્યો છે. તેમણે નિયમોને ધ્યાને લઈ લોકશાહી પ્રમાણે ચુંટણી ન થતી હોવાનો આક્રોશ પણ વ્યકત કર્યો છે.

નાગરિક બેંકની ચુંટણી વિવાદાસ્પદ બનવાની સાથે હવે વધુ રસપ્રદ બને તેવા સંજોગોના નિર્માણ થયા છે. નાગરિક બેંકની ચુંટણીને અનુલક્ષી નવી પાવર પેનલ મેદાનમાં આવી છે. ૧૦ સભ્યોની આ પેનલનુ ચિન્હ ઉગતા સુર્યનુ રાખવામાં આવ્યુ છે. પાવર પેનલના ઉમેદવારોએ આજે પત્રકાર પરિષદને સંબોધતા જણાંવ્યુ હતુ કે વર્તમાન ડિરેકટરોની પેનલ દ્વારા બિનહરિફ થવાના પ્રયાસ કરવામાં આવે છે. જયારે આ પેનલના ઉમેદવારોએ ચુંટણી અધિકારીનો દુરઉપયોગ કર્યા છે. માટે નાગરિકની નહીં પરંતુ નાગરિકોની બેંક બનાવવા અભિયાન હાથ ધર્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલય ન્યુ ક્રેડીટ સોસાયટીના હોદ્દેદારો



ગાંધીનગર, તા. ૯

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો. ઓપ. ન્યુ. ક્રેડીટ સોસાયટીની તાજેતરમાં યોજાયેલી વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

પ્રમુખ તરીકે જયેશકુમાર જોષી, ઉપપ્રમુખ તરીકે રાજુલભાઈ ભટ્ટ, માનદમંત્રી તરીકે જયંતીલાલ સાધુ, સહમંત્રી તરીકે નંદુભાઈ પટેલ, લોન સમિતિના ચેરમેન તરીકે જયેશભાઈ ગામીત અને ખરીદ સમિતિના ચેરમેન તરીકે જયેશકુમાર રાવલની વરણી કરવામાં આવી છે.

# ઓગષ્ટથી ટુ વ્હીલરના નંબર માટે જીજે ૧૮ બીઈ-ની નવી સીરીઝ શરૂ કરાશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા આગામી તા ૧ ઓગષ્ટથી ટુ વ્હીલરના નંબરો માટે નવી સીરીઝ શરૂ થશે.જી જે ૧૮ બી ડી ની સીરીઝ પૂર્ણ થતા હવે બી ઈ ની નવી સીરીઝ શરૂ થશે. પસંદગીના નંબર મેળવવા ઉચ્છતા વાહન માલિકો માટે તા ૧ ઓગષ્ટના રોજ બપોરે ૧૨ કલાકે આર ટી ઓ કચેરી ખાતે હરાજીની પ્રક્રીયા યોજવામાં આવશ.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં આગામી તા ૧ ઓગષ્ટથી બાઈકના નંબરો માટે નવી સીરીઝ શરૂ થશે.કચેરીના સહાયક પ્રાદેશિક વાહન વ્યવ્હાર અધિકારીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતું કે આગામી તા ૧ ઓગષ્ટથી નવી સીરીઝ શરૂ કરવામાં આવશે. જેમાં જુની સીરીઝ જી જે ૧૮ બી ડી ની સીરીઝ પુરી થતા જી જે ૧૮ બી ઈ ની સીરીઝ શરૂ કરવામાં આવશે. જે અન્વયે અરજદારોએ પસંદગીનો નંબર મેળવવા માટે રૂપિયા ૫ ૦૦૦ કે તેથી વધુ રકમનો ડ્રાફટ ભરવાનો રહેશે. એક નંબર માટે એક કરતા વધુ અરજી આવી હોય તો અરજી રદ કરવામાં આવશે. જયારે આવા કિસ્સામાં જે વાહન માલિકે વધુ રકમનો ડી ડી આપ્યો હશે તેની અરજી માન્ય રહેશે. રસ ધરાવતા વાહન માલિકોએ તા ૩૧ જુલાઈ સુધીમાં અરજી કરવાની રહેશે. હરાજીની પ્રક્રીયાના અંતે તા ૩ ઓગષ્ટના રોજ નંબરોની ફાળવણીનુ લીસ્ટ કચેરીના નોટીસ બોર્ડ પર રજુ કરવામાં આવશે. જયારે પસંદગીના નંબરોની ફાળવણી પ્રક્રીયા દરમિયાન કોઈપણ કર્મચારીના કામમાં રૂકાવટ કરવામાં આવશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમ પણ જણાવાયુ છે.



કમાલ છે વનવિભાગની - વડીલો માટે બેસવાના બાંકડા નગરના કાઉન્સીલરો અને વિવિધ સંસ્થાઓ દ્વારા શહેરમાં અનેક સ્થાનો પર મુકાયા છે... વડીલો પ્રેમથી સવાર અને સાંજનો સમય બાંકડા પર બેસી વિતાવે છે... આ હકિકતથી સમગ્ર નગર, સમગ્ર તંત્ર અને શાસનકર્તાઓ સંપૂર્ણ રીતે વાકેફ છે... આમ છતાં બરાબર બાંકડાની આગળ વાયરફેન્સીંગ કરી તંત્ર શું સાબિત કરવા માગે છે એ સમજાતું નથી... આને ભૂલ કહેવાય કે અવળચંડાઈ...? શહેરના ચ-માર્ગ પર ૭/૮ના બસ સ્ટેન્ડ પાસે સેક્ટર-૭ના કોર્નર પરના આ બાંકડાઓ વાયર ફેન્સીંગથી આવરી લેવાતા સેક્ટર-૭ડીના ઘણા વડીલો રોષે ભરાયા હતા...

# રાજ્યનું આખુ મંત્રીમંડળ આખુ મુંબઈમાં : સચિવાલય સૂમસામ

**એક માત્ર મુખ્યમંત્રી જ ગાંધીનગરમાં હાજર : ભાજપના જનસંપર્ક અભિયાન માટેની મુંબઈમાં મળેલી મિટિંગમાં ગુજરાતના ૩૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો**

ગાંધીનગર, તા.૯

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તથા સંગઠન મહામંત્રી રામલાલની વિશેષ ઉપસ્થિતિમાં આજે મુંબઈ ખાતે યોજાયેલી ભાજપના ત્રણ રાજ્યોની મહાસંપર્ક અભિયાનની બેઠકમાં ગુજરાતના તમામ પ્રધાનો તથા હોદ્દેદારો સહિત લગભગ ૩૦૦ આગેવાનોએ હાજરી આપી હતી. જ્યારે એક માત્ર મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ગાંધીનગર સચિવાલયમાં હાજર રહી ફાઈલોના નિકાલમાં દિવસ પસાર કર્યો હતો. ગોવા, મહારાષ્ટ્ર તથા ગુજરાત ભાજપની આ મહાસંપર્ક અભિયાન બેઠકમાં મંત્રીમંડળના સભ્યો, ગુજરાતના તમામ સાંસદો, ધારાસભ્યો, પક્ષના રાષ્ટ્રીય હોદ્દેદારો, રાષ્ટ્રીય કારોબારીના સભ્યો, પ્રદેશ હોદ્દેદારો, મહાસંપર્ક અભિયાનના ઈન્ચાર્જ અને પ્રભારીઓએ હાજરી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને ભાજપ દ્વારા મહાસંપર્ક અભિયાન ૧૫ સપ્ટેમ્બર સુધી કરી દેવાનું આયોજન કરાયું ચે જેમાં ચૂંટણીને લક્ષમાં રાખીને ભાજપ તરફથી હવે અમદાવાદ સહિતના ૮ મહાનગર, ૧૫૯ નગર વિસ્તારમાં ૨૫મી જુલાઈથી ૧૫મી સપ્ટેમ્બર સુધી મહાસંપર્ક અભિયાન યોજાશે. આ અભિયાન અમિત શાહ, રામલાલના નેતૃત્વમાં આજે મળેલી બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાય તે મુદ્દો મુખ્ય રહેશે.

ખાસ કરીને મહાસંપર્ક અભિયાન દરમિયાન દરેક કાર્યકર્તા તેમને ફાળવાયેલા તમામ બુથનો સંપર્ક કરે અને કોંગ્રેસ કે અન્ય વિરોધ પક્ષો દ્વારા કરવામાં આવતા કથિત વચનદ્રોહથી જનતાને માહિતગાર કરાય એટલું જ નહીં કોંગ્રેસ શાસિત સરકારની નિષ્ફળતા અને ગુજરાતમાં ભાજપ શાસિત સરકારની સિદ્ધિઓ સહિત મોદીના નેતૃત્વમાં પ્રગતિની તુલનાત્મક બાબતોની જાણકારી આપશે.

## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ

સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

**મંડળીના સભાસદ જોગ**

દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લી.ની વ્યવસ્થાપક સમિતિના સભ્યની સેક્ટર-૧/૮ અને સેક્ટર-૪/૫ના મતદારવિભાગની તા. ૧૨/૭/૨૦૧૫ને રવિવારના રોજ યોજાનાર ચૂંટણીમાં મતદાન કરવા માટે દરેક સભાસદે સરકાર માન્ય ફોટાવાળુ ઓળખપત્ર જેવા કે ચૂંટણીકાર્ડ, આધાર કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, ખાતા કચેરીનું ઓળખપત્ર પૈકી ગમે તે એક અચુક પોતાની સાથે લાવવાનું રહેશે જેની દરેક સભાસદ મિત્રોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

તા. ૯/૭/૨૦૧૫

બી. આર. શર્મા
ચૂંટણી અધિકારી

# અનુદાનિત શાળાના આચાર્યની ભરતી રદ કરાઈ

અમદાવાદ, તા.૯

શિક્ષણ વિભાગ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ કમિશનર દ્વારા તા. ૧૬ ડિસેમ્બર-૨૦૧૩ના રોજ બિન સરકારી અનુદાનિત કોલેજોમાં કેન્દ્રીય ભરતી પ્રક્રિયા મુજબ ૪૪ આચાર્યની જગ્યા ભરવા માટે જાહેરાત આપવામાં આવી હતી. શિક્ષણ વિભાગ દ્વારા તા. ૨૮ મે-૨૦૧૫થી આચાર્યની જગ્યાઓ કેન્દ્રીય ભરતી પદ્ધતિને બદલે વિકેન્દ્રીત ભરતી પદ્ધતિથી ભરવા માટે ઠરાવવામાં આવ્યું છે. આથી તા. ૧૬ ડિસેમ્બર-૨૦૧૩ના રોજ આપવામાં આવેલી ભરતી જાહેરાત તેમજ તે અન્વયે મળેલી ૨૨૦ ઓન લાઈન અરજીઓ પણ રદ કરવામાં આવી છે. તેમ કમિશનર, ઉચ્ચશિક્ષણ, ગાંધીનગર યાદીમાં જણાવાયું છે.

વિદ્યા લાયબ્રેરી ૨૬માં વર્ષ નિમિત્તે યોજે છે.
ઓગણીસમો ભવ્ય પુસ્તક મેળો
તા. ૧૨,૧૩ જુલાઈ રવિ-સોમ, ૯ થી ૫
ધોરણ ૫ થી ૧૨ ના
"કોઈપણ પુસ્તક માત્ર રૂપિયા ૧૦/- માં"
જેમાં આપને મળશે - જુના અને નહીવત ડીફેકટીવ પુસ્તકો, પાઠ્યપુસ્તકો, ગાઈડો, અપેક્ષીતો, પેપરસેટ, પ્રેકટીસવર્ક તથા પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ
ભવ્ય ઓફર — ડીક્ષનરી : OXFORD - GALA — ભવ્ય ડિસ્કાઉન્ટ
ચોપડા : સ્પે. ચોપડા માત્ર ₹ 10/-
1 ડઝનના ₹ 120, 150, 180 થી વધુ
કાગળ : 1 પેકેટ ₹ 30, 50
પુરવણી (૫૦ નંગ) ₹ 80 / ₹ 150
અડધી કિંમતે G.P.S.C. ધાર્મિક, વ્રત કથાઓ, મહેંદી, બાળવાર્તા, જનરલ નોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો
₹ 40/- પેનબોક્સ (નંગ-૨૦)
Diploma ₹20/-, ડિગ્રી ₹20/- LL.B. સજેશન ₹20/-
તારીખ : ૧૨, ૧૩ - જુલાઈ - ૨૦૧૫ રવિ-સોમ સમય સવારે : ૯ થી સાંજે ૫
વિદ્યા લાયબ્રેરી
વિદ્યા શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોન : 079- -232 29575 (M) 98250 18575, 98795 29575
ખાસ નોંધ : મેળામાં કોઈએ બેગ, થેલા, સાધન સાથે લાવવા નહિ, તેની જવાબદારી અમારી રહેશે નહિ.

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Maans Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
TOBACCO 100% FREE
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા). મો.:
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

નિરંતર પ્રગતિ પાવર સાથે....
ગાંધીનગર નાગરિક કો.ઓપ.બેંક લિ.
પાવર પેનલ
ઉગતો સુર્ય
પરિવર્તન એટલે બદલાવ, બદલાવ એજ પાવર પેનલ
૩ અમૃતભાઈ હરજીવનદાસ પટેલ — ઉદ્યોગપતિ-દેલવાડવાળા
૯ પંકજકુમાર બળવંતરાય શુકલ — ડીરેક્ટર,ગાંધીનગર દૂધ વા.સ.મંડળી
૧૦ ભરતકુમાર બળદેવભાઈ પટેલ — તાલુકા સદસ્ય, પલીયડવાળા
૧૭ હસમુખભાઈ કેશવલાલ પટેલ — પેટ્રોલપંપવાળા-હિલીપભાઈ (ડી.કે.) ડભોડા
૧૮ કમલેશકુમાર ચુનીલાલ જોષી — સરગાસણવાળા, સે.૮
૧૯ નિમેષકુમાર મનુભાઈ પટેલ — બિલ્ડર-રાંધેજાવાળા, સહજાનંદ ગ્રુપ
૨૦ ભરતકુમાર નટવરલાલ પટેલ — ખોરજ - વકીલ
૨૧ મહેશભાઈ મણીભાઈ પટેલ — માજી સરપંચ, ઉનાવા (પપ્પુભાઈ)
૨૨ રજનીકાન્ત નટવરલાલ પટેલ — કોન્ટ્રાકટર- સે. ૧૨, ગાંધીનગર
૨૩ શંકરકુમાર રમણલાલ પટેલ — રાંધેજા - રોડવેઝવાળા
ચૂંટણી તારીખ : ૧૨-૦૭-૨૦૧૫, રવિવાર,
સમય : ૮.૩૦ થી ૫.૦૦ કલાક સુધી
સ્થળ : સરકારી માધ્યમિક શાળા, સેક્ટર-૧૬, ગાંધીનગર
નોંધ : દરેક સભાસદે ૧૩ મત આપવા ફરજીયાત છે.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૯૭૮, ૨૩૨ ૨૩૮૦૧

Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com